**વર્ષ ૨૦૧૯-૨૦**
**ચાલુ બાબત**
**રૂ.૪૦૦.૫૦લાખ**

**પશુરોગ ચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન યુનિવર્સિટીની સ્થાપના અંતર્ગત** કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના અને ક્રમિકકરણ હેઠળ (૧) પશુપાલન પોલીટિકનીક, મુ.રાજપુર(નવા),હિંમતનગર(રૂ.૧૫૩.૦૦ લાખ –દ્વિતીય વર્ષ) અને (૨) કોલેજ ઓફ ડેરી સાયન્સ, મુ. શેઠુભાર જી. અમરેલી (રૂ.૨૪૭.૫૦લાખ-દ્વિતીય વર્ષ) ખાતે ગર્લ્સ એન્ડ બોયઝ હોસ્ટેલ બાંધકામની યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત.......

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક: કપય/૧૩૨૦૧૮/૧૮૨૪/પી.૧
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૧/૦૪/૨૦૧૯

**વંચાણે લીધા :-**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક: કપય/૧૩૨૦૧૮/૧૭૭/પી.૧, તા.૧૦/૦૪/૨૦૧૮

(૨) પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: વી/ટેક-૨/૨૦૧૮-૧૯/ફા.નં.૧૪-૨/૪૭૦-૪૭૫/૨૦૧૮, તા.૧૦/૧૨/૨૦૧૮

(૩) પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વી/ટેક-૨/૨૦૧૭-૧૮/ફા.નં.૧૪-૨/૧૬૨-૧૬૫/૨૦૧૯, તા.૨૯/૦૩/૨૦૧૯

**આમુખ:**

ઉપર વંચાણે લીધા (૧) હેઠળના આ વિભાગના ઠરાવથી વર્ષ: ૨૦૧૮-૧૯માં કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના અને ક્રમિકકરણ હેઠળ કોલેજ ઓફ ડેરી સાયન્સ, શેઠુભાર, અમરેલી અને પશુપાલન પોલીટિક્નીક કોલેજ, હિંમતનગર ખાતે ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલના બાંધકામની ત્રીવર્ષીય યોજના(પ્રથમ વર્ષ)ને વહીવટી મંજુરી આપવામાં આવેલ. વંચાણે લીધા(૨)હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી વર્ષ:૨૦૧૯-૨૦માં ઉક્ત યોજના(દ્વિતીય વર્ષ) માટે રૂ.૪૦૦.૫૦લાખની પ્રી-બજેટ ચકાસણી દરખાસ્ત રજુ કરવામાં આવેલ. વર્ષ: ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં આ યોજના(દ્વિતીય વર્ષ) માટે રૂ.૪૦૦.૫૦લાખ(અંકે રૂપિયા ચાર સો લાખ પચાસ હજાર પૂરા)ની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૩) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી આ યોજના(દ્વિતીય વર્ષ) માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ નાણાકીય જોગવાઇ(૪૦૦.૫૦લાખ)ની વહીવટી મંજુરી મેળવવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ. તેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**:ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રૂ.૪૦૦.૫૦લાખ(અંકે રૂપિયા ચાર સો લાખ પચાસ હજાર પૂરા)ની અંદાજપત્રીય જોગવાઇ ધરાવતી આ યોજના(દ્વિતીય વર્ષ)ને અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ

ઘટકવાર જોગવાઈ તથા શરતો-બોલીઓને આધીન વર્ષ: ૨૦૧૯-૨૦(દ્વિતીય વર્ષ)માં ચાલુ રાખવાની વહિવટી મંજુરી આપવામાં આવે છે.

| અ.નં. | ઘટકની વિગત | બાંધકામનો કુલ અંદાજીત ખર્ચ | સને ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે મંજુર થયેલ જોગવાઈ(રૂ.લાખમાં) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | કન્સ્ટ્રકશન ઓફ ગર્લ્સ હોસ્ટેલ એટ મુ. રાજપુર(નવા) તા.હિંમતનગર, જી.સાબરકાંઠા | ૨૦૦.૦૦ | ૫૩.૦૦ |
| ૨. | કન્સ્ટ્રકશન ઓફ બોઈઝ હોસ્ટેલ એટ મુ. રાજપુર(નવા) તા.હિંમતનગર, જી.સાબરકાંઠા | ૩૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | **કુલ-અ** | ૫૦૦.૦૦ | **૧૫૩.૦૦** |
| ૩. | કન્સ્ટ્રકશન ઓફ ગર્લ્સ હોસ્ટેલ એટ મુ. શેઢુભાર, જી. અમરેલી | ૨૫૦.૦૦ | ૮૨.૫૦ |
| ૪. | કન્સ્ટ્રકશન ઓફ બોઈઝ હોસ્ટેલ એટ મુ. શેઢુભાર, જી. અમરેલી | ૫૦૦.૦૦ | ૧૬૫.૦૦ |
| | **કુલ-બ** | ૭૫૦.૦૦ | **૨૪૭.૫૦** |
| | **(કુલ અ+બ)** | ૧૨૫૦.૦૦ | **૪૦૦.૫૦** |

**આ યોજનાના અમલીકરણ ની શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.**

(૧) સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામા આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામા આવી છે, તે હેતુ માટે જ ખર્ચકરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને અધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ યોજના માટે નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતોમાં કરવામાં આવેલ જોગવાઈ/ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો, તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાનું રહેશે.

(૭) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૧૦) વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજુર થયેલ લેખાનુદાન જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણા વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૧) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૨) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગે પશુપાલન નિયામકશ્રીની કચેરી અને કામધેનુ યુનિવર્સિટીએ તકેદારી રાખવાની રહેશે તેમજ આ અંગેની માહિતી વિભાગને પૂરી પાડવાની રહેશે.

(૧૩) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરતમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૫) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજુરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ અંગેનું ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે ઉધારવાનું રહેશે.

| | |
|---|---|
| માંગણી નં. | ૦૪ |
| સેકટર | (ગ)–આર્થિક સેવાઓ |
| સબ સેકટર | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર | ૨૪૦૩: પશુપાલન |
| ગૌણ સદર | ૧૦૧: પશુ આરોગ્ય અને પશુ ચિકિત્સા |
| પેટા સદર | ૧૯ : એ.એન.એચ–૨ : પશુરોગ ચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન યુનિવર્સિટીની સ્થાપના |
| વિગતવાર સદર | ૩૧૩૫– અન્યને જનરલ સહાયક અનુદાન |

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર કામધેનુ યુનિવર્સિટીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઈને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૧૯થી અને વિભાગના સચિવશ્રીની તા.૦૮/૦૪/૨૦૧૯થી મળેલ મંજુરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

VRDesai

(વિજય દેસાઇ)
સેક્શન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, પશુપાલનની કચેરી, કૃષિભવન, ગાંધીનગર
- કુલસચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- કાર્યપાલક ઇજનેરશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી,(ES-૧)એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન,નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઈ), ગુ.રા., અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી.સેલ), કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- સંબંધિત જીલ્લા પંચાયતો (મારફતે પશુપાલન નિયામક)
- સંબંધિત જીલ્લા તિજોરી કચેરીઓ તમામ
- કૃષિ ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ની બજેટશાખા, પ.ર, અ. અને અને નાણાં શાખા
- પસંદગી ફાઇલ
- હુકમ ફાઇલ